**Sandesh**

Bajaj Finance surpasses YES Bank, Dr Reddys, Dabur India in m-cap ra

Edition: Ahmedabad    Date: 02/08/2016    Page no: 8    Clip size: H: 11 cm / W: 5 cm

India Media Monitor

# માર્કેટકેપની રીતે બજાજ ફાઇ.નું પ્રમોશન થયું

મુંબઈ : બજારના આરંભિક સુધારામાં બજાજ ફાઈનાન્સના વધીને રૂ.૧૧૪૧૦ની ઐતિહાસિક ટોચે પહોંચી અંતે ૮.૪ ટકાની મજબૂતીમાં રૂ.૧૧૨૨૬ બંધ રહ્યો હતો. જેના પગલે કંપનીની માર્કેટકેપ વધીને રૂ.૬૦૪૮૧ કરોડ થઇ હતી. જ્યારે ડો.રેડ્ડીઝ લેબ, યસ બેંક, ડાબર ઈન્ડિયા, વેદાન્તા, ગેઈલ, ટેક મહિન્દ્રા, શ્રી સિમેન્ટ અને ગોદરેજ કન્ઝ્યુમરની ઓવરઓલ માર્કેટકેપ રૂ.૬૦૦૦૦ કરોડ કરતાં ઓછી છે. આ સાથે માર્કેટકેપની રીતે બજાજ ફાઈનાન્સ કંપનીનું પ્રમોશન થતા ૪૭માં ક્રમેથી ૩૭માં ક્રમે પહોંચી છે. સારાં પરિણામના જુસ્સામાં પાછલાં એક સપ્તાહમાં બજાજ ફાઈ.નો શેર ૨૪ ટકા વધ્યો છે. કંપનીએ જૂન ક્વાર્ટરમાં ધારણાથી વધુ ૫૪ ટકાના જમ્પમાં રૂ.૨૭૬ કરોડનો નેટ પ્રોફિટ કર્યો છે. કંપની બોર્ડે રૂ.૧૦ની ફેસ વેલ્યૂવાળા શેરનું રૂ.બેના શેરમાં વિભાજન કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે..ચાલુ કેલેન્ડર વર્ષમાં બજાજ ફાઈ. ૮૫ ટકા ઉછળ્યો છે. જેની સામે બેન્ચમાર્ક સેન્સેક્સ માત્ર ૮ ટકા જ વધ્યો છે. માર્કેટકેપની યાદીમાં પ્રથમ ક્રમે રહેનાર ટીસીએસનો શેર ૩ ટકા વધીને રૂ.૨૬૯૮ થતા તેની માર્કેટકેપ રૂ.૫.૩૧ લાખ કરોડ થઇ હતી. તો રિલાયન્સઈન્ડ.નો શેર ૦.૬ ટકા ઘટીને રૂ:૧૦૦૯ બંધ હતો. માર્કેટકેપ રૂ.૩.૨૭ લાખ કરોડ રહી હતી. એનબીએફસી સહિતની ફાઈનાન્સ કંપનીના ૧૪૨ શેરમાંથી ૭૨ પ્લસ અને ૫૨ માઈનસ હતા. જેમાં આમ્રપાલી કેપિટલ ૯.૭ ટકા, મુથુટ ફાઈ. ૮ ટકા, પીએનબી ગિલ્ટ્સ ૬ ટકા, મેગ્મા ફિનકોર્પ ૫.૯ ટકા, ચોલામંડલમ્ ઈન્વે. ૫.૭ ટકા, મન્નાપુરમ્ ફાઈ. ૫.૧ ટકા વધ્યાં હતા.